#004 🙏 …પછી પરિસ્થિતિ પણ બદલાશે

ક્યારેક આપણે જે નથી મળ્યું એની ચિંતા કરીએ છીએ,
પણ જે મળ્યું છે… એ વિશે વિચારતા પણ નથી.

આજે જ્યાં છો,
જેટલું છે,
જેમ છો –
એ બધું કોઈ એક દિવસ સ્વપન હતું.

જ્યારે તમે જે મળ્યું છે તેના માટે આભાર માનવાનું શરૂ કરો છો, ત્યારે તમારું મન ફરિયાદમાંથી બહાર આવે છે
અને નવી સંભાવનાઓ તરફ વળે છે.

આભાર માનવું કમજોરી નથી,
એ અંદરની શક્તિ છે.
કારણ કે કૃતજ્ઞ માણસ પાસે હંમેશા આગળ વધવાની ઉર્જા હોય છે.

મિત્રો યાદ રાખીએ –
જે મળ્યું છે તેના માટે આભાર માનવો – એ જ પ્રગતિની શરૂઆત છે.

આજે એક ક્ષણ લો,
મનથી કહો: “ધન્યવાદ”
અને જુઓ…
તમારો દૃષ્ટિકોણ બદલાશે,
અને પછી પરિસ્થિતિ પણ બદલાશે.